G06- ફેબ્રુઆરી 2026

મુનિ સેવા આશ્રમ, ગોરજ નું પોતીકું

# અનુસંધાન

શ્રદ્ધા, સંકલ્પ, સમર્પણ, સ્નેહ,
સેવા અને સહયોગનું સરવૈયું



સંસ્થાપક
પૂજ્ય શ્રી અનુબેન ઠક્કર

મુનિ સેવા આશ્રમ



અધ્યક્ષ
ડૉ વિક્રમ પટેલ

**ન બુદ્ધિભેદં જનયેદજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્ ।
જોષયેત્સર્વકર્માણિ વિદ્વાન્યુક્તઃ સમાચરન્ ॥ BG 3.26॥**

વિદ્વાન મનુષ્યોએ પોતાના કર્તવ્યોનું પાલન પ્રબુદ્ધ શૈલીથી કરીને,
અજ્ઞાની લોકોને પણ તેમના નિયત કર્તવ્યોનું પાલન કરવા પ્રેરિત કરવા જોઈએ.

મહાન લોકોનું ઉત્તરદાયિત્વ પણ મહાન હોય છે,
કારણ કે સાધારણ મનુષ્યો તેમનું અનુસરણ કરે છે. તેથી શ્રીકૃષ્ણ અરજ કરે છે કે
વિદ્વાન મનુષ્યોએ એવું કોઈપણ કાર્ય ન કરવું જોઈએ કે
એવા કોઈપણ ઉચ્ચારણો ન કરવા જોઈએ કે જે અજ્ઞાની લોકોને પતન તરફ દોરી જાય.

# 77માં પ્રજાસત્તાકદિનની ઉત્સાહભેર ઉજવણી





















આપણા મુનિ સેવા આશ્રમ ખાતે ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગૌરવભેર કરવામાં આવી. ઊંચે ફરકતા તિરંગાની સાથે સાથે બાળકોના હૃદયોમાં દેશપ્રેમ, આદર અને કૃતજ્ઞતાનો ઉલ્લાસ છલકાતો જોવા મળ્યો.

સત્ય, એકતા, શિસ્ત, આદર અને નિસ્વાર્થ સેવાના મૂલ્યો આપણા આ બાળકોના મનમાં મજબૂત રીતે વિકસે અને તેઓ બંધારણની ગરિમામય પરંપરાને જાળવી રાખતા, સશક્ત અને કરુણાસભર ભારતના નિર્માતા બને—એવી કામના.

# સમન્વય : ઉમંગ ઉત્સાહનો ઉર્જાભર્યો ઉત્સવ

આપણા મગનપુરા કેમ્પસ ખાતે આશ્રમની શાળાઓના વાર્ષિક રમતગમત મહોત્સવ સાથે તા. 30/01/2026ના રોજ 'સમન્વય ઉત્સવ'નો શાનદાર પ્રારંભ સમન્વય જ્યોત પ્રાકટ્ય સાથે થયો. બે દિવસીય મહોત્સવના પ્રથમ દિવસે રમતોત્સવમાં વિદ્યાર્થીઓની શિસ્તબદ્ધ પરેડ અને વિવિધ રમતો એ સમગ્ર પરિસરને જીવંત બનાવી દીધું.

ચેરમેન ડૉ. વિક્રમ પટેલ, વિવિધ શાળાઓના આચાર્યશ્રીઓ, મહાનુભાવો અને આમંત્રિત મહેમાનો, શિક્ષકો, અને આશ્રમવાસીઓની વિશેષ ઉપસ્થિતએ બાળકોને ખુબ જ પ્રોત્સાહિત કર્યા. આપણા બાળકોને આત્મવિશ્વાસ અને ગર્વ સાથે માર્ચ-પાસ્ટ કરતા જોવા એ દરેક ઉપસ્થિત વ્યક્તિ માટે આનંદની ક્ષણ હતી. વારંવાર મેદાન તાળીઓના ગડગડાટ અને પ્રોત્સાહક નારાઓથી ગુંજતું રહ્યું હતું. વિદ્યાર્થીઓએ ખેલદિલી સાથે દરેક રમતમાં ભાગ લીધો અને તેમની મહેનત અને ટીમવર્ક જોઇને સ્પષ્ટ થતું હતું કે રમતગમત માત્ર શારીરિક કસરત નથી, પરંતુ તે બાળકોમાં શિસ્ત અને સાહસ , આત્મવિશ્વાસ, ટીમવર્ક અને એકતા જેવા ગુણોનું સિંચન કરે છે. આશ્રમના બાળકો ખરેખર નસીબદાર છે કે તેઓને આવા ખુલ્લા અને પ્રેરણાદાયી વાતાવરણમાં શીખવા, રમવા અને ખીલવાની તક મળી રહી છે.






























Muni Seva Ashram
EMRS Maganpura
cordially invites you to
SAMANVAY UTSAV
A Celebration of Sports, Culture & Creativity
SPORTS DAY
30 January | Friday
8:30 a.m. onwards
Venue: Cricket Ground
ANNUAL DAY CELEBRATION
31 January, Saturday
Exhibition: 3:00 p.m.
Venue: Science lab building
Celebration programs:
4:00 p.m. onwards
Venue: Auditorium
Cheer on the field, enjoy the art, and
celebrate the talent!
We look forward to your presence!
Warm regards,
Principal and Staff
(EMRS, Maganpura)





**સમન્વય ઉત્સવનો બીજો દિવસ** પણ ઉમંગ અને ઉત્સાહ થી ભરપૂર રહ્યો. દિવસની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ પ્રદર્શન (એક્ઝિબિશન)થી થઈ, જેમાં ભરત - ગૂંથણ કામ, ઇકો ક્લબ, રસોઈ, ઉધોગસાહસિકતા, વિજ્ઞાન, રોબોટિક્સ, આર્ટ એન્ડ ક્રાફ્ટ તથા પેઇન્ટિંગ જેવા વિવિધ ક્લબ્સ અંતર્ગત બનાવેલ પ્રતિકૃતિઓ રજુ કરવામાં આવી જે વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિ, કુશળતા અને મહેનતને પ્રતિબિંબિત કરતી હતી. ઉપસ્થિત મહેમાનો તથા આશ્રમવાસીઓ દ્વારા આ પ્રદર્શનની ખુબ પ્રશંસા કરવામાં આવી.

વિદ્યાર્થીઓ પોતાની કલાકૃતિઓ વિશે રસ અને આત્મવિશ્વાસપૂર્વક સમજાવતા જોવા મળ્યા. સાંજે યોજાયેલા વાર્ષિક સમારંભમાં વિદ્યાર્થીઓની ઉત્સાહ સભર અને શિસ્તબદ્ધ પ્રસ્તુતિઓ - નૃત્ય, ગાયન - વાદન અને નાટકે સૌનું મન મોહી લીધું. કાર્યક્રમનું સમાપન ઇનામ વિતરણ સાથે થયું , જેમાં પ્રયત્ન, પ્રતિભા અને ઉત્કૃષ્ટતા માટે વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા.





























# એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ મગનપુરા ખાતે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ : હિલિંગ ધ સોશિયલ



૧૦ થી ૧૭ જાન્યુઆરી દરમિયાન, મુનિ સેવા આશ્રમ સ્થિત એકલવ્ય શાળા ખાતે 'હિલિંગ ધ સોશિયલ' (સામાજિક સ્વાસ્થ્ય અને સુધારણા) વિષય પર એક ભવ્ય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારત તેમજ વિશ્વના વિવિધ ખૂણેથી ડોકટરો, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષણવિદો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ સૌ સહભાગીઓ એક સમાન ઉમદા હેતુ સાથે આવ્યા હતા: વધુ સભાન અને જવાબદાર મનુષ્યો દ્વારા સમાજનું નિર્માણ અને સુધારણા કેવી રીતે થઈ શકે?

સ્વિટ્ઝર્લેન્ડના જાણીતા ચિકિત્સક અને શિક્ષણવિદ ડો. મિખાયેલા ગ્લોકલરે આ કોન્ફરન્સના, તબીબી વિજ્ઞાન, શિક્ષણ અને આત્મજ્ઞાનને એકબીજા સાથે જોડતા મુખ્ય વિચાર - વિમર્શનું માર્ગદર્શન કર્યું હતું. તેમણે કહ્યું કે જ્યાં સુધી વ્યક્તિ પોતાની જાતને ન સમજે અને પોતાના વિચારો તથા કાર્યોની જવાબદારી ન સ્વીકારે, ત્યાં સુધી સામાજિક સુધારણા શક્ય નથી.

કોન્ફરન્સ દરમિયાન દરરોજ જ્ઞાનવર્ધક વાર્તાલાપ, વ્યાયામ , મૌન ચિંતન, જૂથ ચર્ચા અને પ્રેક્ટિકલ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં શીખવવાની પ્રક્રિયા માત્ર નિષ્ણાતો પૂરતી મર્યાદિત નહોતી, પરંતુ દરેકની સક્રિય ભાગીદારી પર આધારિત હતી. લોકોએ એકબીજાના મંતવ્યો સાંભળ્યા, હસ્તકલા દ્વારા સર્જન કર્યું, સાથે મળીને ભોજન લીધું અને પરસ્પરના તફાવતો થી ઉપર ઉઠી એકબીજા પાસેથી ઘણું નવું શીખ્યા.

સાંજનો સમય સાદગીપૂર્ણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી ભરેલો રહેતો, જેમાં સંગીત, ઉત્સવો અને પરંપરાઓની ઉજવણી કરવામાં આવતી હતી. એકલવ્ય શાળાના વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન સ્વયંસેવકો તરીકે સેવા આપી હતી, અને સહભાગીઓએ પણ નાની સામાજિક પહેલોને ઉદારતાથી ટેકો પૂરો પાડ્યો હતો.

કોન્ફરન્સના અંતે લોકો માત્ર જવાબો લઈને નહીં, પરંતુ મનમાં ઊંડા પ્રશ્નો અને નવી દ્રષ્ટિ લઈને વિદાય થયા. આ અનુભવ માત્ર આ આઠ દિવસ પૂરતો મર્યાદિત ન રહેતા દરેક સહભાગીના રોજિંદા જીવનમાં—પછી તે ક્લાસરૂમ હોય, ક્લિનિક હોય, ઘર હોય કે અંગત સંબંધો હોય—એક સકારાત્મક પરિવર્તન તરીકે કાર્ય કરશે.










## એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ ખાતે AI તાલીમ કાર્યક્રમ



આપણી EMRS ખાતે વિદ્યાર્થીઓમાં ડિજિટલ સાક્ષરતા અને ભવિષ્ય માટે જરૂરી કુશળતાઓ વિકસાવવા હેતુસર કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence – AI) વિષયક પરિચયાત્મક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને AIના મૂળભૂત ખ્યાલો, તેનો જવાબદારીભર્યો વપરાશ તથા આધુનિક ટેકનોલોજી સાથે શિક્ષણને કેવી રીતે જોડવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આવનારા સમયમાં ટેકનોલોજી આધારિત તકો માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો આ પ્રયાસ મહત્વપૂર્ણ સાબિત થયો છે.

આ દૂરંદેશીભરી પહેલ માટે આદિજાતિ વિકાસ વિભાગ, છોટા ઉદેપુરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ, જેમણે આ કાર્યક્રમને કલ્પના અને સહયોગ પૂરો પાડ્યો આ ઉપરાંત કાર્યક્રમના શૈક્ષણિક અને તકનિકી અમલીકરણમાં મહત્વપૂર્ણ સહકાર આપનાર નવગુરુકુલ ફાઉન્ડેશનનો ખુબ ખુબ આભાર.

આવા સહયોગી પ્રયાસો દ્વારા ડિજિટલ અંતર ઘટાડવા, તેમજ ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે સમાવેશક, સમાન અને ગુણવત્તાપૂર્ણ શિક્ષણને પ્રોત્સાહન આપવા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવાઈ રહી છે જે ઘણું જ આવકાર્ય છે.

## જ્ઞાન પંચમીની ઉજવણી





વસંત પંચમીના પાવન અવસરે આપણી EMRS ખાતે જ્ઞાન પંચમીની ઉજવણી કરવામાં આવી. દિવસની શરૂઆતે વિદ્યાર્થીઓએ વિદ્યા, સંગીત અને કલાની અધિષ્ઠાત્રી દેવી મા સરસ્વતીને પ્રાર્થના અર્પણ કરી તથા વાદ્યયંત્રોની પૂજા કરીને જ્ઞાનની પવિત્રતાનો ભાવ વ્યક્ત કર્યો.

"યા કુંદેન્દુ તુષારહાર ધવલા" મંત્ર પર રજૂ થયેલ ભક્તિ નૃત્યએ સમગ્ર વાતાવરણને શાંતિ, શ્રદ્ધા અને સંસ્કારોથી પરિપૂર્ણ બનાવ્યું અને સાથે આ ઉજવણી દ્વારા સર્વાંગી શિક્ષણ, શિસ્ત અને સંસ્કૃતિ પ્રત્યેની પ્રતિબદ્ધતા પણ પ્રતિબિંબિત થઈ.

આપણી શારદામંદિર બક્ષીપંચ શાળા ખાતે જ્ઞાન પંચમી ઉપરાંત જન્મજયંતિ નિમિત્તે સુભાષચંદ્ર બોઝને પણ અંજલિ આપવામાં આવી.

બાળકોના વાણી, વર્તન અને વ્યવહારમાં માં સરસ્વતી વસે, સર્જનાત્મકતાની સરવાણી ફૂટે અને અવનવું શીખવા પ્રત્યેનો તેમનો લગાવ જિંદગીભર જળવાઈ રહે તેવી પ્રાર્થના.




## સોલર મેન ઑફ ઇન્ડિયા' અને 'સોલર ગાંધી' તરીકે ઓળખાતા પ્રોફેસર ચેતન સિંહ સોલંકી નું આપણા વિદ્યાર્થીઓ સાથે વિશેષ સંવાદ સત્ર :

જેમણે પોતાના જીવનને પ્રકૃતિ સંરક્ષણ અને માનવજાતની ભલાઈ માટે સમર્પિત કરી દીધું છે, આઈઆઈટી મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાંથી રાજીનામું આપી, છેલ્લા કેટલાય વર્ષોથી 'એનર્જી સ્વરાજ યાત્રા' અંતર્ગત ૧૦૦% સોલર ઊર્જાથી ચાલતી બસમાં સમગ્ર ભારતભરમાં પ્રવાસ કરી રહ્યા છે તેવા પ્રોફેસર સોલંકી સાહેબને મળવાનો અને રૂબરૂ સંવાદ કરવાનો એક દુર્લભ અવસર આપણા વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયો.

તેમની સોલર બસ માત્ર એક વાહન જ નહિ , પરંતુ તેમનું નિવાસસ્થાન અને એક હાલતો ચાલતો વર્ગખંડ પણ છે. વિદ્યાર્થીઓએ બસની અંદર જઈને જોયું કે કેવી રીતે સોલર ઊર્જા દ્વારા દૈનિક જીવન સરળતા અને આત્મનિર્ભરતાથી જીવી શકાય છે. ૮૦,૦૦૦ કિમીથી વધુ પ્રવાસ અને લાખો લોકોને જાગૃત કરેલા તેમના અનુભવોએ વિદ્યાર્થીઓના ભાવવિશ્વમાં ઊંડો પ્રભાવ પાડ્યો.

પ્રોફેસર સોલંકી સાહેબે ભારપૂર્વક સમજાવ્યું કે હવામાન પરિવર્તન કોઈ દૂરનો પ્રશ્ન નથી, પરંતુ આપણી દૈનિક જીવનશૈલી સાથે સીધો સંબંધ ધરાવતી વિકરાળ સમસ્યા છે. સીમિત ધરતીના સીમિત સંસાધનોનો ઉપભોગ પણ સીમિત હોવો જરૂરી છે—આ સંદેશ સાથે તેમણે Finite Earth Movement વિશે બાળકોને માહિતગાર કર્યા અને સચેત, સંયમિત અને જવાબદાર જીવન જીવવા પ્રેરણા આપી.

આ સત્ર વિદ્યાર્થીઓ માટે મૂલ્યઆધારિત શિક્ષણના જીવંત પાઠ સમું બન્યું. આવા અનુભવો આશ્રમના સર્વાંગી શિક્ષણના દૃષ્ટિકોણને વધુ મજબૂત બનાવે છે—જ્યાં શિક્ષણ માત્ર કારકિર્દી માટે નહીં, પરંતુ સમાજ અને પ્રકૃતિની સેવા માટેનું પણ સાધન બને છે.

આશ્રમ પ્રોફેસર ચેતન સિંહ સોલંકી સાહેબનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે. તેમનો સંદેશ આપણને યાદ અપાવે છે કે જે સેવા, સદભાવ અને સચેત - સંયમિત જીવન તરફ દોરી જાય તે જ સાચું શિક્ષણ છે.આપણી ધરતીની સંભાળ લેવી એ આપણી પવિત્ર ફરજ છે.














## ખુશી ના સમાચાર



સરદાર ભવન ટ્રસ્ટ દ્વારા આયોજિત દેશભક્તિ ગીત સ્પર્ધામાં શારદામંદિર બક્ષીપંચ શાળાની ધોરણ–૮ની વિધાર્થીની ખુશી પરમારે વડોદરા શહેર તથા જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.

ઉપસ્થિત માનવંતા મહેમાનોની હાજરીમાં ખુશીને રૂ. ૨૫૦૧ રોકડ ઇનામ, ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

ચિ. ખુશી તથા તેના માર્ગદર્શક શિક્ષકોને હાર્દિક અભિનંદન.




## નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટ ખાતે વિવિધ તાલીમ કાર્યક્રમો

નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું જેમાં અમેરિકન હાર્ટ એસોસિએશનના પ્રમાણિત ટ્રેનર શ્રી દિવ્ય જૈન દ્વારા બેઝિક લાઈફ સપોર્ટ (BLS) અને એડવાન્સ કાર્ડિયક લાઈફ સપોર્ટ (ACLS) તાલીમ, ચારુસત યુનિવર્સિટી, ચાંગાના માણીકાકા ટોપાવાલા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના સહાયક પ્રોફેસર શ્રીમતી બિનલ જોષી દ્વારા પીડિયાટ્રિક એડવાન્સ બેઝિક લાઈફ સપોર્ટ, તેમજ ગોરજ PHCના મેડિકલ ઓફિસર ડૉ. વૈશાલી દ્વારા કુષ્ઠરોગ વિષયક નિષ્ણાત વ્યાખ્યાનનો સમાવેશ થયો. આશા છે આ તાલીમોથી વિદ્યાર્થીઓની જીવ બચાવવાની ક્ષમતા અને ક્લિનિકલ તૈયારીમાં વધારો થશે જેનો લાભ દર્દીઓને મળશે.












## બાલાજી ફિઝિયોથેરાપી કોલેજના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક હેતુસર આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરની મૂલાકાત લીધી.







## આશ્રમના વિદ્યાર્થીઓ અને રહેવાસીઓએ ઉત્સાહભેર વડોદરા મેરેથોનમાં ભાગ લીધો.






## અભિનંદન

ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા પ્રથમ વર્ષ GNMના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. કરુણાસભર સારવાર પ્રદાન કરવા માટેના આ મહત્વપૂર્ણ માઈલસ્ટોન સફળતાપૂર્વક પાર કરનાર તમામ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન




## સુરક્ષિત સમાજ અને સ્વસ્થ જીવન માટે જાગૃતિ

નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટ ખાતે બે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. પ્રથમ કાર્યક્રમ ઓલ ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડ્રાઈવિંગ, ટેકનિકલ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ દ્વારા આયોજિત ટ્રાફિક જાગૃતિ વિષયક હતો, જેમાં માર્ગ સુરક્ષા અને જવાબદાર વાહન વ્યવહાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું અને ત્યારબાદ સંજીવની દ્વારા આયોજિત કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો.









## સંવાદમાં સંવેદના અને સહાનુભૂતિ સભર સારવાર - સંભાળ

આપણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના ત્રીજા વર્ષના B.Sc. નર્સિંગ (સેમેસ્ટર–૬ ) ના વિદ્યાર્થીઓએ થેરાપ્યુટિક કોમ્યુનિકેશન (નર્સ–દર્દી સંબંધ) વિષય પર રોલ પ્લે રજૂ કર્યો જે અંતર્ગત સહાનુભૂતિ, સંવેદના સહ સાંભળવાની કળા અને દર્દીકેન્દ્રિત સારવાર - સંભાળનું મહત્વ અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યું.







## GNM પરિણામમાં સંપૂર્ણ સફળતા

ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા જાહેર કરાયેલા GNM ત્રીજા વર્ષની પરીક્ષા પરિણામમાં, આપણા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના તમામ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી ૧૦૦% પરિણામ હાંસલ કર્યું છે.

આ સિદ્ધિ વિદ્યાર્થીઓની મહેનત અને સમાજસેવામાં સમર્પિત, કુશળ તથા કરુણાસભર નર્સિંગ વ્યાવસાયિકો ઘડવાની મુનિ સેવા આશ્રમની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.







## કૈલાસ કેન્સર હોસ્પિટલ,મુનિ સેવા આશ્રમ ,ગોરજ દ્વારા સેવાકાર્ય




**વરિષ્ઠ સમાચાર** **પરમાનંદ સોની હાલોલ દ્વારા**

કૈલાસ કેન્સર હોસ્પિટલ,મુનિ સેવા આશ્રમ ,ગોરજ તા.વાઘોડિયા દ્વારા હાલોલ સ્થિત વી.એમ.સ્કૂલ ખાતે માનવ સેવા ના ઉત્તમ ઉદાહરણ રૂપ રકતદાન શિબિર નું આયોજન નિધિ શાહ અને કુણાલ સનત શાહ ના પ્રયત્નથી અને સામાજિક કાર્યકર શ્રી પરમાનંદ સોની ,શ્રી નીતિન શાહ ,જતીનભાઈ વગેરે ના સહયોગ થી ડૉ.શ્રી ઝાલા સાહેબ શોશિયલ વર્કર શ્રી જયવીર ભાઈ સોલંકી સાથે વાઘ બકરી ફાઉન્ડેશન વડોદરા દ્વારા આપેલ સંપૂર્ણ વાતાનુકૂલિત અને લાઈફ સપોર્ટ સાથેની એમબ્યુલન્સ વાન અને સ્ટાફ ના સુંદર સહયોગથી સફળ આયોજન કરવામાં આવેલ.

તાજેતરમાં શ્રી વી એમ શાહ શાળા, ગોધરા રોડ, હાલોલ ખાતે આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું. વિકટ પરિસ્થિતિઓમા કે અણધારી આફતમાં , રોગમાં ને અકસ્માતમાં સાવ અજાણ્યા લોકોના જીવનની પરવા કરીને પોતાના રક્ત થકી જીવનદાન કરનારા તમામ રક્તદાતાઓને ખુબ ખુબ ધન્યવાદ અને શિબિરના સફળ સંચાલનમાં સહાયક સર્વે કાર્યકર્તાઓ અને કર્મચારીઓનો ખુબ ખુબ આભાર

## Kailash Cancer Hospital & Research Centre
## Q3 Service Overview: YOY Comparison

| Service | 2025-26 | 2024-25 |
|---|---|---|
| Patient Consultations | 32388 | 38499 |
| Indoor Treatments | 5385 | 6447 |
| Day - care Chemo therapies | 3673 | 3711 |
| Surgeries Performed | 520 | 520 |
| Radiation Therapies | 478 | 479 |
| Nuclear Medicine | 675 | 737 |
| Bone Marrow Transplantations | 6 | 8 |
| Lab Investigations | 64227 | 69481 |
| Radiology Investigations | 7070 | 7191 |

# C O N G R A T U L A T I O N S

## Muni Seva Ashram - Institute of Nursing

### B.Sc. Semester 5



**Binal Rathva**
**72.52%**



**Sneha Parekh**
**72.28%**



**Neha Prajapati**
**70.28%**

### B.Sc. Semester 4



**Hetvi Prajapati**
**73.42%**



**Himanshi Parmar**
**72.85%**



**Baria Madhurika**
**71.71%**

SGGU has recently declared the results of Semester 4 and 5 of BSc. Nursing, and we are pleased to announce the institutional toppers from Muni Seva Ashram, Institute of Nursing.

# આપણો ધ્વનિત : આશ્રમને આંગણે





દોઢેક દાયકાનો એ સમય એવો હતો કે અમદાવાદીઓને સવારની ચા વગર ચાલે પણ ધ્વનિત વગર ન ચાલે.

એમનો શો ચાલતો હોય ત્યારે વચ્ચે ગીતો જાણે અવરોધ ઉભો કરતા હોય તેવું લાગે!

અમદાવાદની સવાર, બોલતું ન્યુઝપેપર, ગુજરાતી રેડિયોના પર્યાય,એકલે હાથે ગુજરાતી "રેડિયો જોકીઇંગ"ને જસ્ટ જોકિંગ ટાઇમપાસમાંથી એક સાહિત્યિક ઊંડાઈ ને એટલે જ અસરદાર ઉંચાઈ આપનાર વ્યક્તિત્વ, રેડોયોજોકીની કારકિર્દી અપનાવવા માંગતા યુવાઓ માટે પ્રેરક મશાલચી, અને શબ્દના સિધ્ધ સાધક, અભિનય - ગાયન - પ્રવચન - સંચાલન - લેખન બધું જ ઉત્કૃષ્ટતાથી પીરસી શકતા એવા મલ્ટી ટેલેન્ટેડ ધ્વનિતભાઈ હમણાં જ આપણા આશ્રમના મહેમાન હતા.

લાંબા સમયની આ ઈચ્છા એમની પોતાની અને ડો. વિક્રમ પટેલની અંગત અનુકૂળતાના સમન્વયે પુરી થઇ. આશ્રમના દરેક વિભાગને ખુબ જ રસપૂર્વક નિહાળ્યા અને બિરદાવ્યા. આપણા જ ખેતરના ઓર્ગેનિક ઉત્પાદનોથી બનેલું સાત્વિક ભોજન માણ્યું. સહુથી વધારે નોંધપાત્ર રહી આપણા વનકુવા પરિસર ખાતેની જંગલ અને તેના વિવિધ વૃક્ષોની ઓળખાણ આપતી ઇન્ટરેસ્ટિંગ ટુર. કારણકે એ ટુરના ગાઈડ હતા ડો વિક્રમ પટેલ પોતે. એક એક વૃક્ષની , વેલી ની અને છોડની આત્મીય સ્વજનની જેમ ઓળખાણ આપતા ડો વિક્રમ અને સતત બાળક જેવી જેન્યુઇન જિજ્ઞાસાથી એને આત્મસાત કરતા ધ્વનિત ! આ રહી એની બોલતી તસવીરો.







## શિક્ષણ:
## જે સક્ષમ બનાવે, ભવિષ્યની પેઢીઓને સધ્ધર બનાવે અને ભવ ભવ ની પીડા હરે

છેલ્લા સાડા ચાર દાયકા કરતા વધારે સમયથી ગુજરાતના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં કોઇ પણ જાતના કોલાહલ કે ગગનભેદી નારાઓ વગર મુનિ સેવા આશ્રમ શિક્ષણ, સ્વાસ્થ્ય સેવાઓ અને અવિરત કરુણાના સહારે જે આમૂલ પરિવર્તન આણી રહ્યો છે તેની આ નાનકડી વાત છે.

પૂજ્ય શ્રી અનુબેનનો દ્રઢ વિશ્વાસ હતો કે શિક્ષણ એ સમાજની પીડાઓને હરવાનું સૌથી અમોઘ શસ્ત્ર છે. ગરીબી, અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, રોગચાળો, દહેજપ્રથા અને વ્યસન જેવી દરેક સમસ્યાઓને તેઓ અલગ-અલગ જોતા નહોતા, પણ 'અજ્ઞાનરૂપી અંધકારમાંથી જન્મેલા પડછાયા' માનતા હતા. જ્યારે તેમણે સેવાનો પવિત્ર પથ પસંદ કર્યો, ત્યારે આ અંધકારને ઉલેચવા માટે તેમણે પ્રગટાવી: મૂલ્યનિષ્ઠ શિક્ષણની અખંડ જ્યોતિ !

આ પરિવર્તનનું એક જીવંત ઉદાહરણ એટલે નજીકના ડોલાપુરા ગામના રાજુભાઈ રામાભાઈ પરમાર. જ્યારે તેઓએ પોતાની જીવનગાથા વર્ણવી, ત્યારે તેમની આંખોમાં કૃતજ્ઞતા અને ગૌરવની અનેરી ચમક હતી . તેમની આ વાતમાં માત્ર વ્યક્તિગત સંઘર્ષ કે ઉપલબ્ધી નહિ , પણ આ સમગ્ર વિસ્તારના આત્મવિશ્વાસનો રણકાર સંભળાયો..



બાળપણમાં રાજુભાઈ પૂજ્ય બેન દ્વારા સંચાલિત 'ઘોડિયાઘર' માં જતા. ત્યાં બાળગીતોના સૂર અને પ્રેમભરી શિસ્તની વચ્ચે, તેમણે માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ પ્રામાણિકતા, ગૌરવ અને આત્મવિશ્વાસના પાઠ પણ આત્મસાત કર્યા. એ સમયે વાવેલા સંસ્કારના બીજ તેમના જીવનમાં ઊંડા ઉતરી ગયા હતા.

સમય જતાં મુશ્કેલીઓ વધી અને ગરીબીએ ભરડો લીધો ત્યારે જીવનનિર્વાહ એક સંઘર્ષ બની ગયો. હૈયે હામ રાખીને રાજુભાઈ ફરી એકવાર પૂજ્ય અનુબેન પાસે સહાયની આશાએ પહોંચ્યા.

બેને તેમની સામે અસીમ કરુણા અને એટલી જ મક્કમતાથી જોયું. તેમણે સૌમ્ય સ્વરે કહ્યું, "હું તારી મદદ ચોક્કસ કરીશ, પણ મફતમાં નહીં."

રાજુભાઈએ પોતાની પાસે જે કંઈ અલ્પ રકમ હતી તે દાનપેટીમાં અર્પણ કરી. પૂજ્ય બેને તેમને આશીર્વાદ આપ્યા, એક ગાય ભેટ આપી અને સૌથી મહત્વનું—જીવન જીવવાની જડીબુટ્ટી જેવી દિલના શબ્દોની શીખ આપી..

એક ગાય રાજુભાઈના જીવનનું 'ટર્નિંગ પોઈન્ટ' બની ગઈ. સખત પરિશ્રમ, સત્યનિષ્ઠા અને મક્કમ નિર્ધારને પરિણામે આજે તેમની પાસે દસથી વધુ ગાય-ભેંસોનું ધણ છે. આજે રાજુભાઇ ગૌરવભેર આજીવિકા કમાય છે અને પરિવારનું સુંદર ભરણપોષણ કરે છે. તેમના તમામ સંતાનો આપણી બક્ષીપંચ શાળા ખાતે ભણ્યા છે , જેનાથી પેઢીઓથી ચાલતા ગરીબીના ચક્રનો અંત આવ્યો છે.

વાત અહીં પૂરી નથી થતી. આજે રાજુભાઈના પરિવારના ચાર સભ્યો મુનિ સેવા આશ્રમના વિવિધ વિભાગોમાં સેવા આપી રહ્યા છે અને સ્વાભિમાન સાથે પોતાની રોજીરોટી મેળવે છે.

રાજુભાઈની આ ગાથા કોઈ અપવાદ નથી; આ તો આશ્રમ દ્વારા સર્જાયેલી અને પૂજ્ય અનુબેનની દીર્ઘદ્રષ્ટિથી સિંચાયેલી એવી સેંકડો 'મૌન ક્રાંતિઓ' માંની એક છે.

શિક્ષણ દ્વારા સેવાનો આ જ સાચો પ્રભાવ છે :

જ્યાં સહાય નિર્ભરતા નહિ પણ સ્વાવલંબન સર્જે છે.

જ્યાં દાન માત્ર જરૂરિયાત જ પૂરી નથી કરતું, પણ ચારિત્ર્યનું ઘડતર કરે છે.

અને જ્યાં એક આશીર્વાદ માત્ર વ્યક્તિને નહીં, પણ આખી પેઢીને ફળે છે.

ગ્રામીણ ગુજરાતની આ વાત માત્ર એક વાર્તા જ નથી, પણ શ્રદ્ધા, સંકલ્પ , સહયોગ અને 'પ્રજ્વલિત કરુણા'નો જીવંત પુરાવો છે.

## મ્યાનમારના જાહેર આરોગ્ય અધિકારીઓની કૈલાશ કેન્સર હોસ્પિટલ મુલાકાત



ભારત સરકારના વિદેશ મંત્રાલયની ITEC યોજનાના અંતર્ગત IIPHG દ્વારા મ્યાનમારના વરિષ્ઠ જાહેર આરોગ્ય અધિકારીઓ માટે છ માસિય કાર્યકારી કાર્યક્રમ યોજાયો છે. આ કાર્યક્રમના ઓફલાઇન મોડ્યુલ અંતર્ગત



મ્યાનમારના ત્રણ અધિકારીઓએ આપણી કૈલાશ કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરની મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન તેઓ સાથે IIPHGની ડૉ. કૃતિ ગુપ્તા હાજર રહ્યા.

## વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે વિશેષ જાગૃતિ કાર્યક્રમો

વિશ્વ કેન્સર દિવસ નિમિત્તે, કેન્સર સામેની લડતમાં જાગૃતિ એ સૌથી પહેલું અને અસરકારક પગલું છે એ ભાવનાને ઉજાગર કરતા કાર્યક્રમ આશ્રમની કૈલાશ કેન્સર હોસ્પિટલના નિષ્ણાત તબીબો દ્વારા કરવામાં આવ્યા.

ડૉ. અમરેન્દ્ર કુમારે કોનમેટ હેવી ઈન્ડસ્ટ્રી પ્રા. લિ., પોર GIDC, વડોદરા ખાતે પ્રિવેન્ટિવ કેન્સર કેર વિષય પર માહિતીસભર અને રસપ્રદ વ્યાખ્યાન આપ્યું. તેમણે આરોગ્યપ્રદ જીવનશૈલી, સમયસર સ્ક્રીનિંગ અને યોગ્ય માહિતી દ્વારા કેન્સરના જોખમને કેવી રીતે ઘટાડી શકાય તે વિષય પર માર્ગદર્શન આપ્યું.

ડૉ. ઘનિશ પંજવાનીએ આપણાં નર્સિંગ ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ સમક્ષ કેન્સરની રોકથામથી લઈને સારવાર સુધીના વિવિધ વિષયો પર પ્રકાશ પાડ્યો.

કેન્સર વિષયક વિવિધ જાણકારી અને રોકથામ ના સુનિયોજિત પગલાં, વેળાસર નિદાન અને સમયસરની સચોટ સારવાર એ કેન્સર સામે જીવન બચાવવાના મહત્વના આધારસ્તંભો છે.









## મેક ઇન ઇન્ડિયા એવોર્ડથી સન્માનિત



આપણા ચેરમેન ડો વિક્રમ પટેલ તેમજ ટ્રસ્ટી શ્રી દીપક ગઢિયાને રોટરી ડિસ્ટ્રિક્ટ 3141ની બે દિવસીય વાર્ષિક રોટરી જિલ્લા પરિષદ દૃષ્ટિકોન – ડિસ્કોન 2026 દરમિયાન, તા. 8 ફેબ્રુઆરી 2026ના રોજ, પ્રતિષ્ઠિત "મેક ઇન ઇન્ડિયા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. અત્રે પ્રસ્તુત છે તે આનંદ અને ગૌરવની ક્ષણોની કેટલીક તસવીરો.







**“વીજળીને ચમકારે મોતીડાં પરોવો રે પાનબાઇ !**
**નહિતર અચાનક અંધારા થાશે જી !”**

1977 ની સાલ નો કોઈ એક દિવસ.

ગોરજ ગામ માં એક વાત ફેલાઈ ગઈ કે એક બહેન આવ્યા છે અને સીમ માં રહેવાના છે.

એકલા જ ?

હા, એકલા જ.

આગળ પાછળ કોઈ નહીં. લૂંટારાઓ પ્રદેશમાં સાવ એકલા બાઈ માણસ ?

જે સાંભળે તે અચરજ પામી જાય.

પુંજાભાઈ ગામના ઉપ સરપંચ એટલે વાત વહેતી વહેતી તેમની પાસે આવી.

એટલે તેઓ ત્યાં ગયા જ્યાં બહેન બેઠા હતા અને સાથે મુનિ મહારાજ પણ હતા.

મુનિ મહારાજે બેન નો પરિચય આપીને કહ્યું કે આ બેન અહીં જ રહેવાના છે અને સેવા ના ક્ષેત્ર તરીકે આ પ્રદેશ ને પસંદ કર્યો છે.

ઔપચારિકતા પતાવી – કોણ કયાંથી વગેરે , ને પછી પૂછ્યું કે જમવું છે કે પછી ભૂખ્યા પેટે જ હરી ભજવા છે ?

મુનિ મહારાજ અને બહેન આછું આછું હસ્યા !

“ચાલો ઘરે, બાકીની વાતુ જમતાં જમતાં કરશું.”

**કોઈ પણ મહાન પ્રવાસની શરૂઆત એક પગલાં થી જ થતી હોય છે.**

**અને એ પગલું ભરવા પાછળ માનવ હૃદયમાં રહેલી સૌજન્યતા અને સંવેદના કારણભૂત હોય છે.**

એવા ભીના હૃદયો એ ઇતિહાસમાં કમાલ કરી છે.

તેમને એ પણ ખયાલ નથી હોતો કે હું કોઈ મહાન ઈમારતની પહેલી ઇંટ મુકવાનું કાર્ય કરવા જઈ રહ્યો છું.

અને ઇમારત ખડી થઇ જાય પછી પણ આ મેં કર્યું છે અથવા શરૂઆતમાં મારા થકી આ કામની શરૂઆત થઇ છે એવો કોઈ ભાવ એના મનમાં આવતો નથી.

“સેવન યર્સ ઇન તિબેટ” નામની ફિલ્મ નો એક ડાયલોગ છે.

**“તમે મહારથ હાંસલ કરવાને મોટી વાત સમજો છો, જ્યારે અમે ઘમંડ છોડવા ને મોટી વાત માનીએ છીએ.”**

અથવા પાનબાઈના ભજનની જેમ

“ ભક્તિ રે કરવી એણે રાંક થઈને રહેવું પાનબાઈ, મેલવું અંતરનું અભિમાન રે.
સરળ ચિત્ત રાખીને નિર્મળ રહેવું ને
આણવું નહીં અંતરમાં અભિમાન રે.“



કોઈપણ સંસ્થા, પ્રકલ્પ કે સંકલ્પના વટવૃક્ષનો ઇતિહાસ જોઈએ, ત્યારે તેની ગગનચુંબી ઊંચાઇના પાયામાં ધરબાયેલા એ અણમોલ પથ્થરોનું સામર્થ્ય વરતાય, જે પથ્થરોએ પોતે અંધકારમાં રહીને પણ ઈમારતને અડીખમ ટેકો આપ્યો હોય છે, તેને ટટ્ટાર રહેવાનો સધિયારો પૂરો પાડ્યો હોય છે અને તેના વિકાસ માટે એક રાજમાર્ગ પ્રશસ્ત કર્યો હોય છે.



આ એવા 'નામી-અનામી' વ્યક્તિત્વો હોય છે જેઓ કીર્તિના ઝળહળાટથી પર રહીને, કૂંપળમાંથી વટવૃક્ષ બનવાની આખી પ્રક્રિયાના સારથિ અને સહયોગી બને છે.

આધ્યાત્મિકતાને માત્ર માળા ફેરવવા કે ધ્યાન ધરવા પૂરતી માર્યાદિત ન રાખીએ તો 'નિષ્કામ કર્મયોગ' પણ આધ્યાત્મિકતા જ છે.

કોઈ પ્રશંસાની અભિલાષા વિના, કોઈ તરફથી કદરની લેશમાત્ર પરવા કર્યા વગર, કેવળ કર્તવ્યભાવે, સમષ્ટિના કલ્યાણાર્થે મથતા રહેવું એ પરમ આધ્યાત્મિકતાનું લક્ષણ છે.

જ્યારે વ્યક્તિ 'સ્વ' ના પ્રદર્શનથી વેગળી રહીને, આસક્તિ વિના સોંપાયેલા કાર્યને પૂર્ણ નિષ્ઠાથી ઈશ્વરાર્પણ કરી દે છે, ત્યારે તે કાર્ય એક પવિત્ર યજ્ઞ બની જાય છે.

મુનિ સેવા આશ્રમ રૂપી વટવૃક્ષના જ્યારે બીજ વવાતા હતા, ત્યારથી લઈને તેના વિસ્તરેલા પર્ણોની શીતળ છાયા સુધી જે વ્યક્તિત્વ પડછાયાની જેમ અવિરત આશ્રમની પડખે રહ્યું છે, તે છે આદરણીય શ્રી પૂંજાદાદા, જન્મે - કર્મે - અને સ્વભાવે નખશીખ ખેડૂત !.

તેમણે સંસ્થામાં પોતાનું અસ્તિત્વ ઓગાળી નાખ્યું છે. શરૂઆતના સંઘર્ષના દિવસોથી માંડીને આજની સિદ્ધિઓના સોપાન સુધી, પૂંજાદાદા આ યાત્રાના એવા મૌન પથિક છે જેમના વિના આ સેવા પ્રકલ્પની વાત અધૂરી લાગે.

તો ચાલો, આજે આપણે એવા પરમ સેવક અને નિષ્ઠાવાન કર્મયોગીની જીવનગાથાના કેટલાક પાન જોઈએ.

**પૂંજાદાદા - ઉંમર આશરે 82 વર્ષ - ગામ : દોલાપુરા !**

એમને મળીને ,જાણીને , કામ કરતા જોઇને એમને ઘરડા કહેવાની હિમ્મત અમારામાં નથી. આ ઉંમરેય તે દરરોજ ખેતરમાં પાણી વાળવા જેવા ખેતીના નાના મોટા દરેક કામ કરવા યુવાનોને શરમાવે તેવી ચપળતાથી કરે છે.

આશ્રમના ટ્રસ્ટી કમ મંત્રી હોવાને નાતે તેને લગતી દરેક જવાબદારી પણ સુપેરે નિભાવે છે.

ચશ્મા વગર જ વાંચે છે અને આશ્રમની , પૂજ્ય શ્રી બેનની અને જૂની પુરાણી દરેક વાત કહેતા આંખોમાં અનેરી ચમક આવી જાય છે, બાળકની નિખાલસતાથી દિલ ખોલીને હસી શકે છે.

એમને મળીએ તો - ત્યાગ અને સમર્પણથી જન્મતો આનંદ દીર્ઘજીવી હોય છે તેની અનુભૂતિ ચોક્કસ થાય.

રેકૉર્ડ પર પૂંજાદાદાનું નામ ચુનીલાલ ભગવાનભાઇ પરમાર બોલે છે. એની પાછળ પણ એક કહાની છે. તેઓ જયારે શાળામાં પ્રવેશ માટે ગયા હતા ત્યારે તે વખતના તલાટી જેમનું નામ શ્રી ચુનીલાલ હતું, તે હાજર હતા. કોઈકે પ્રવેશ લેવા આવનાર બાળકનું નામ પૂછ્યું, જવાબ આવતા કોઇક કારણસર વાર થઇ તો તલાટી એ પોતાના નામે જ બાળકનું નામ નોંધી કાઢ્યું અને ત્યારથી આપણા પૂંજાદાદા - ચુનીલાલ થઇ ગયા. એ જે હોય તે ! પણ આપણે તો તેમને પૂંજાદાદા તરીકે જ ઓળખીશું.

લગભગ 1977નો એ સમય. યુવાન પુંજાભાઈ એ સમયે ગામમાં સૌથી વધારે ભણેલા . તેમણે ઓલ્ડ SSC પૂરું કરેલું અને ગામના ઉપસરપંચ હતા. વ્યવસાય ખેતી અને પશુપાલનનો. પૂજ્ય શ્રી મુનિ મહારાજ જયારે ગોરજ આવે ત્યારે તેઓ તેમને દૂધ આપવા જતા. સેવાના સંકલ્પ સાથે જયારે પૂજ્ય શ્રી અનુબેન ગોરજ આવ્યા ત્યારે મુનિ મહારાજે જ તેમનો મેળાપ પુંજાભાઇ સાથે કરાવ્યો. બેને તેમને જનસેવા થકી પ્રભુસેવાનો પોતાનો ઉદ્દેશ્ય સમજાવ્યો અને પોતે અહીં ઝૂંપડી બનાવી શિક્ષણની શરૂઆત કરવા ઈચ્છે છે તેમ જણાવ્યું.

પૂંજાભાઇ સ્થાનિક રહેવાસી હોવાને કારણે એ વિસ્તારની વિકરાળતાથી જ્ઞાત હતા. જે જગ્યાનો ઉપયોગ ડાકુ / ચોર / લૂંટારા દ્વારા રાતના સમયે ચોરી અને લૂંટફાટના માલની વહેંચણી માટે થતો તે જગ્યાએ ઝૂંપડી બનાવવાના વિચાર વિષે જાણીને તેમણે બેનને તરત જ ચેતવ્યા અને તેમના નિર્ણય વિષે પુનઃવિચાર કરવા કહ્યું પરંતુ બેનને ગુરુવચનમાં અટલ વિશ્વાસ હતો અને તેમનો નિર્ધાર અડગ હતો તેથી પછીથી બેનને ઝૂંપડી બનાવવા બાજરીના પૂળા લાવી આપ્યા અને કહો કે આશ્રમના મૂળ નંખાયા.

મુનિ સેવા આશ્રમ નામનું નવું ટ્રસ્ટ બન્યું જેમાં પૂંજાભાઇને મંત્રી નિયુક્ત કરવામાં આવ્યા. મુનિ મહારાજના અનુનાયીઓ તરફથી પણ બેનને મદદ સાંપડી જેમણે પ્રાયમસ, ગોદડાં જેવી સામાન્ય જરૂરિયાતની વસ્તુઓ લાવી આપી. ધીરે ધીરે બેનનું કાર્યક્ષેત્ર વિસ્તરતું ગયું, પુંજાભાઈ સવાર સાંજ બેનની મુલાકાત લેતા અને તેમને મદદ કરતા, તેમણે ચીંધેલા દરેક કામ કરતા. બેનની મદદ માટે તેમણે દોલીબેન નામક સંનિષ્ઠ - સેવાભાવી બહેનની પણ નિમણુંક કરી આપી. પૂજ્ય બેનની ભાવશુદ્ધિ અને કાર્યનિષ્ઠાની સુવાસને કારણે ઘોડિયાઘરને પણ મંજૂરી મળી ગઈ હતી.

એ સમયે એ વિસ્તારમાં શિક્ષણનું સ્તર ખુબ જ નીચું. આખી ગોરજ પંચાયતમાં કોઇ પણ ધોરણ સાત પાસ નહોતું. વળી આસપાસ પ્રાથમિક શાળાઓ પણ ઓછી તો માધ્યમિકની તો શું વાત જ કરવી. ઘોડિયાઘરના બાળકો પણ મોટા થતા જતા હતા. બાળકોના પ્રાથમિક શિક્ષણની જરૂરિયાત માટે બેને તત્કાલીન શિક્ષણ મંત્રી શ્રી નવલભાઇ શાહનો સંપર્ક કર્યો. વિસ્તારની મુખ્ય વસ્તી બારીયા , વસાવા વિગેરેની તેથી બક્ષીપંચ શાળા મળી શકે તેવી શક્યતા નીકળી પણ આડે એક વિધ્ન આવ્યું.

નિયમ એવો કે દસ એકર જમીન હોય તો જ શાળાની મંજૂરી મળે. બેન પાસે તો જમીન ક્યાંથી હોય ? વિસ્તારમાં શિક્ષણનું સ્તર વધે, બાળકો ભણે અને સમાજ સધ્ધર, સક્ષમ થાય તેવી અંતરની ઈચ્છા ધરાવતા પૂંજાદાદાએ જમીન સંપાદનની દિશામાં પોતાના પ્રયત્નો આદર્યા. પ્રયાસ ફળતા લાગ્યા તોય છેલ્લે 4 એકરની ઘટ પડી. આશ્રમ પાસે ય પૈસા નહિ. તો પૂંજાદાદાએ પોતાની લગડી જેવી ચાર એકર જમીન ગામમાં સ્કૂલ બને એ સારું એકેય રૂપિયો લીધા વગર દાન કરી દીધી. જોઇતી જમીનની વ્યવસ્થા થઇ જતાજ અંતે તે વખતના મંત્રી શ્રી સનત મહેતા , જેઓ વાઘોડિયાથી ધારાસભ્ય પણ હતા તેમની સહીથી બક્ષીપંચ શાળાની પરવાનગી મળી.

ચાલો ફરી થી પાનબાઈ ને યાદ કરીએ .

"મેરુ તો ડગે પણ જેના મન નવ ડગે,ભલે ભાંગી પડે ભરમાંડ રે,

કરે નહીં કોઈની આશ રે,દાન દેવે પણ રહેવે અજાચી ને ."

અમારી જેમ મહદઅંશે લોકો આ વાત નહીં જ જાણતા હોય. જયારે અમે આ વાત જાણી ત્યારે આશ્ચર્ય અને જિજ્ઞાસાવશ પૂછ્યું કે એક ખેડૂત -જેની પાસે પોતાની જમીન સિવાય કોઈ વિશેષ સંપત્તિ નથી, રહેવા માટે પાકું મકાનેય નથી તેમણે આટલું મોટું દાન કરવાનું કારણ ?

તો કહે કે બેનને મહેનત કરતા મેં જોયા હતા. સમાજને આગળ લાવવા માટે દિવસ રાત એક કરતા , લોકો ને ઘેર ઘેર ફરીને સમજાવતા તેમને હું જોતો ત્યારે અમારો ઉધ્ધાર કરવા કોઈ દેવી ઉતર્યા હોય તેવું લાગતું. મનેય ભણવામાં તકલીફ પડી હતી. વિસ્તારમાં શિક્ષણનું સ્તર વધે, બાળકો ભણે અને સમાજ સધ્ધર, સક્ષમ થાય તેવી મારી એ અંતરની ઈચ્છા હતી. મારા ગામના, તાલુકાના બાળકો ભણશે તો રાષ્ટ્રનેય તે મદદ થશે એ આશયથી જ જમીન આપી. પછી હું શું કરીશ એવો વિચાર ક્યારેય નથી આવ્યો.

**કહે છે ને કે તર્ક સ્વાભાવે કોરો હોય છે અને શ્રધ્ધા ભીની !**

**પૂંજાદાદાની એ ભાવભીની શ્રધ્ધાની જમીનમાં શાળા ઉગી અને શિક્ષણ પામી પેઢીઓ ઉજળી થઇ.**

આટલું મોટું દાન આપ્યા પછીયે ક્યારેય તેમણે કોઇ ને કઈ જણાવ્યું નથી કે કદી કાંઈ માંગ્યું નથી. તેમનો એક દીકરો આજે પણ આશ્રમમાં ચોકીદારની નોકરી કરે છે. દીકરાનો એક દીકરો આપણા અતિથીમંદિરમાં કામ કરે છે. કોઈ પદ કે લાભની ખેવના જ નહિ. આજે તો એ જમીન પર અત્યાધુનિક શાળા ઉભી છે , નવું મકાન પણ થઇ ગયું છે પણ પૂંજાદાદા હજુયે એમના કાચા ઘરમાં જ રહે છે અને હસતા હસતા કહે છે કે અમે ભલે કાચા ઘરમાં રહીએ પણ શાળાના કર્મચારીઓને રહેવા સાટુ સરસ મજાના આધુનિક ઘર આપ્યા છે કેમકે એમને સારી રીતે રાખશું તો તે બાળકોને ય સારી રીતે ભણાવશેને !

પુંજાદાદાની આ ભાવનાને જો આશ્રમનો દરેક કર્મચારી આત્મસાત કરી શકે, તો આ સેવાધામની સુવાસ સદીઓ સુધી અક્ષુણ્ણ રહેશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

વધુ આવતા અંકે ...



## શપથવિધિ

આપણા  ઇન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગમાં પ્રથમ વર્ષના નર્સિંગ વિદ્યાર્થીઓની 23મી શપથવિધિ યોજાઇ. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડૉ. હરિભાઈ કટારિયા, વાઇસ ચાન્સેલર, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી તથા આપણા ચેરમેન ડૉ. વિક્રમ પટેલ અને અન્ય ટ્રસ્ટીઓની ગરીમાસભર હાજરી રહી. શપથવિધિ દ્વારા વિદ્યાર્થીઓએ કરુણા, નૈતિકતા અને સેવા પ્રત્યે પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી.

















## STEM કવીઝમાં ઝોનલ વિભાગમાં સાતની પસંદગી, બે વિદ્યાર્થીઓ ફાઇનલ રાઉન્ડ માટે પસંદ થયા

જાન્યુઆરી મહિનામાં ગાંધીનગર ખાતે GUJCOST અને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત નેશનલ STEM ક્વિઝ 4.0 ના ઝોનલ રાઉન્ડમાં આપણી EMRS, મગનપુરા કેમ્પસના સાત વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ સિદ્ધિને વધુ ગૌરવપૂર્ણ બનાવતાં, આપણાં  બે વિદ્યાર્થીઓ હવે માર્ચ મહિનામાં યોજાનાર ફાઇનલ રાઉન્ડ માટે પણ પસંદ થયા છે. તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને તેમની મહેનત, લગન અને ઉત્તમ પ્રદર્શન બદલ હાર્દિક અભિનંદન.

આ સફળતામાં મહત્વપૂર્ણ માર્ગદર્શન આપનાર કમ્પ્યુટર શિક્ષક શ્રી સુનિલ કનોજિયાને ધન્યવાદ.. તેમના સમર્પિત માર્ગદર્શનથી વિદ્યાર્થીઓને આ સિદ્ધિ હાંસલ કરવામાં મહત્વપૂર્ણ સહયોગ મળ્યો છે.

**National STEM Quiz 4.0**

| Junior Section – Zonal Qualifiers | | Senior Section – Zonal Qualifiers | |
|---|---|---|---|
| Yaksh Rathva | Std. 9 | Priyank Rathva | Std. 11 |
| Jayraj Tadvi | Std. 10 | Ashish Rathva | Std. 12 |
| Adarsh Tadvi | Std. 9 | Philip Chaudhari | Std. 11 |
| Kunjan Thorat | Std. 10 | | |

**Final Round Qualifiers (March - 2026 )**

| | | | |
|---|---|---|---|
| Adarsh Tadvi | Std. 9 | Parth Taviyad | Std. 12 |








## સ્પષ્ટ દ્રષ્ટિ, ઉજ્જવળ ભવિષ્ય

તાજેતરમાં CHARUSAT દ્વારા VTC વિદ્યાર્થીઓ માટે આંખોની તપાસ નું આયોજન કરવામાં આવ્યું. તમામ વિદ્યાર્થીઓની તપાસ કરવામાં આવી . તપાસ દરમિયાન જેમને ચશ્માની જરૂરિયાત જણાઇ, તેમને વાનપ્રસ્થ મંદિરના શ્રદ્ધેય શ્રી મહેશભાઇ નાટુના સૌજન્યથી ચશ્મા પ્રદાન કરવામાં આવ્યા.

વિદ્યાર્થીઓને વધુ સ્પષ્ટ દ્રષ્ટિ અને આત્મવિશ્વાસભર્યું ભવિષ્ય આપતી આ સુંદર અને સંવેદનાત્મક પહેલ બદલ અમે CHARUSATનો તથા શ્રી મહેશભાઈ નાટુનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.





## શ્રદ્ધાંજલિ

'મ'ને જ્યારે કાનો લાગે,
દરિયો સુદ્ધાં નાનો લાગે.



પૂજ્ય શ્રી શારદાબા
1932 - 2026

આપણા આશ્રમની પ્રેરક વાતો અને સેવા પ્રકલ્પોની માહિતી દેશ વિદેશમાં પહોંચાડવા માટે આપ સૌની સહભાગિતા આવકાર્ય છે. અનુસંધાનને વધુ સારું અને અસરકારક બનાવવા માટે આપ મદદ કરશો જ તેવો અમને વિશ્વાસ છે. આપ આ વિષે અમને anusandhan@greenashram.org પર લખી શકો છો. આ સિવાય આશ્રમ વિષયક માહિતી આપણી વેબસાઈટ www.greenashram.org તેમજ આપણા ફેસબૂક અને ઇન્સ્ટાગ્રામ પેજ પર થી પણ મળી શકશે.